# નૂરાની બે બોલ

અઝ : શેરે સૌરાષ્ટ્ર, મુજાહિદે ગુજરાત, આલે રસૂલ

**હઝરત અલ્લામા મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાલા**

*(ખલીફાએ હુઝૂર અખ્તર રઝા અઝહરી મિયાં–બરેલી શરીફ)*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّى عَلٰى رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَارَسُوۡلَ اللّٰهِ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا نَبِىَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَاحَبِيۡبَ اللّٰهِ اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا نُوۡرَ اللّٰهِ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيۡكَ وَسَلَّمَ

ખુદા પાકે પોતાની મખ્લૂકને અસંખ્ય નેઅમતો અતા ફર્માવી દિમાગ, નાક, કાન, હાથ, પગ, જુબાન વિગેરે. પરંતુ આંખ ખુદા પાકની એક એવી ઉત્તમ તથા શ્રેષ્ઠ નઅમત છે કે જો બંદો આંખનો જ શુક્ર પૂરી જિંદગી કરતો રહે તો પણ સંપૂર્ણ તેનો શુક્ર અદા કરી શકતો નથી.

દિલો દિમાગને હરકત આંખના દ્વારા થતી રહે છે. આંખની બાબત ખુદાપાકે પોતાના પ્યારા ''હબીબ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ) ને સંબોધીને હુકમ આપ્યો કે, હે નબી ! (સલ્લલ્લાહો અલૈહિ વ સલ્લમ) તમે મોમિન મર્દોને ફરમાવી દો કે તેઓ પોતાની દ્રષ્ટિ નીચી રાખે.''

અમીરુલ મોમિનીન હઝરત ઉષ્માને ગની (રદિયલ્લાહુ અન્હૂ) સમક્ષ એક વ્યક્તિ હાજર થઈ જેણે રસ્તે ચાલતી ઔરતોને આંખો વડે જોઈ હતી. હઝરત ઉષ્માને તેની આખોમાં





ઝિનાની અસર પામી લીધી અને ફર્માવ્યું, લોકોને શું થઈ ગયું છે કે આંખમાં ઝિનાની અસર સાથે પોતાના બુઝુર્ગોની બારગાહમાં આવે છે. મતલબ કે, હઝરતે તાકીદ ફર્માવી કે ગેરમેહરમ સ્ત્રીઓને બુરી નિય્યતથી જોવાથી આંખોનું તકદ્દુસ (પવિત્રતા) ખતમ થઈ જાય છે.

અમીરુલ મોમિનીન હઝરત સૈય્યેદેના ફારૂકે આઝમ (રદીયલ્લાહો ત્આલા અન્હો)ના શાશન કાળમાં બૈતુલ મુકદસ ફતેહ થયું. ઈસ્લામી લશ્કર શહેરમાં પ્રવેશવા માટે મુખ્ય દરવાજા તરફ રવાના થયું તો ઈસાઈ પાદરીઓએ પોતાની પ્રજાને હુકમ આપ્યો કે,''યુવાન છોકરીઓને ખુલ્લા ચેહરે અને ખુલ્લા વાળે દરવાજાઓ પાસે ઉભી કરી દો.'' પરંતુ હઝરત ફારૂકે આઝમે સાથીઓને હુકમ ફરમાવી દીધો કે ''દરેક મુજાહિદ પોતાની આંખોને નીચી રાખે અને મકાનો તરફ જુએ નહીં.'' મતલબ કે જો આંખ ગેરમેહરમ ઔરતો તરફ ઉપડે અને આંખનું તકદ્દુસ ઘવાય તો કુવ્વતે ઈમાન કમઝોર થશે. દિલોની અંદર હિમ્મત, સંકલ્પ, હોસ્લો, કમઝોર થશે, અને એવું થશે તો ગૈરોની હયબત, એમની વૈભવતાનો પ્રભાવ દિલો ઉપર પડશે, જેનું પરિણામ ઘણું જ ગંભીર આવશે.

માટે કુર્આન અને સાહિબે કુર્આન (સલ્લલ્લાહો અલયહિ વ સલ્લમ)ના હુકમ મુજબ આંખોને નીચી રાખો અને મોમિનાના શાનો–શૌકતની હિફાઝત કરો. ડો. ઈકબાલ કહે છે :

*દિલ તેરે શૌકસે જબ દર્દસે બેતાબ હુવા*
*અશ્ક જો આંખસે ટપકા દુર્રે નાયાબ હુવા*

ખૂદ આકાએ કાઈનાત (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ની અદા અને આદત હતી કે પોતાની પ્યારી આંખો હમેશાં નીચી

રાખતા. હુઝૂર આ'લા હઝરત (રદીયલ્લાહો ત્આલા અન્હો) ફરમાવે છે કે :–

*નીચી નઝરોંકી શરમો હયા પર દુરૂદ*
*ઊંચી બીનીકી રિફઅત પે લાખો સલામ*

જો મોમિન કુર્આન હદીષના હુકમ મુજબ પોતાની આંખની પાકીઝગીની હિફાઝત કરે તો તેનાં દિલની પાકીઝગી જળવાઈ રહેશે જે આખેરત માટે અમુલ્ય પૂંજી છે. આંખની કદ્રો કિંમત કેટલી છે તેનો અંદાજો હઝૂર આ'લા હઝરતનાં 'અલ્મલ્ફૂઝ'માં વર્ણવેલ વાકિઆથી પણ સારી રીતે થઈ શકે છે. આપ ફરમાવે છે કે,

પહેલાંની ઉમ્મતોમાં એક ઈબાદત ગુજાર હતો. સમંદરના વચ્ચે ટાપુ ઉપર રહેતો હતો જ્યાં તેના સિવાય બીજો કોઈ માણસ ન હતો. ખુદા પાકે પોતાની કુદરતથી આબિદ માટે દાડમનું ઝાડ અને મીઠા પાણીનું ઝરણું પેદા કરી આપ્યું જેથી તેને ખોરાક પાણી મળતું રહે. તે આબિદે ચારસો વરસ માત્ર ખુદાની રઝા માટે બેરિયા ઈબાદત કરી. જ્યારે તેની મૌતનો સમય નજીક આવ્યો તો હઝરત મલકુલ મૌત તશ્રીફ લાવ્યા. આબિદે ગુઝારિશ કરી કે મને એટલી મોહલત આપો કે તાઝુ વુઝૂ કરી બે રકાત નમાઝ પઢી લઉં અને જ્યારે બીજી રકાતના બીજા સજદામાં જાઉં તો મારી રૂહ કબ્ઝ કરી લેશો. હઝરત મલકુલ મૌતે ફરમાવ્યું કે હું તારા માટે એટલી મોહલત લઈને આવ્યો છું. આબિદ સાહબે વુઝૂ કર્યું, બીજી રકાતમાં બીજા સજદામાં તેમની રૂહ કબ્ઝ કરવામાં આવી. આજે પણ તેમનું બદન તે ટાપુ પર સલામત છે.




હઝરત જિબ્રીલ (અલયહિસ્સલામ) હુઝૂર (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ની બારગાહમાં અર્ઝ કરે છે કે હું આસ્માનથી ઉતરતાં અને ઉપર જતાં સમયે તેમને હાલતે સજદામાં જોઉં છું. જ્યારે તે આબિદ કયામતના દિવસે ખુદાએ પાકની બારગાહમાં હિસાબ માટે પેશ થશે તો ઈબાદત સિવાય તેના આમાલનામામાં કોઈ ગુનાહ તો હશે જ નહીં. અલ્લાહ તઆલા હુકમ ફરમાવશે કે મારા બન્દાને, મારી જન્નતમાં, મારી રહમતથી લઈ જાવ ! તે આબિદની જુબાનથી નીકળી જશે કે, હે અલ્લાહ ! બલ્કે મારા અમલથી ! અર્થાત્ : મારા અમલ જ એવા હતા જેથી હું જન્નતનો હકદાર છું. તો ખુદા હુકમ ફરમાવશે કે ત્રાજવું લગાડો અને ચારસો વર્ષની ઈબાદત એક પલ્લામાં અને બીજા એક પલ્લામાં તેની એક આંખ રાખો ! અને વજન કરવામાં આવશે તો આબિદની ચારસો વર્ષની ઈબાદતોથી આંખ ભારે પુરવાર થશે ! તો અલ્લાહ તઆલા ફરમાવશે કે મારા બન્દાને મારા ન્યાયથી મારી દોઝખમાં લઈ જાવ ! જેથી તે આબિદ અર્ઝ કરશે કે હે અલ્લાહ ! બેશક ! તારી રહમત હશે તો જ અમારી નજાત થશે, મારા ઉપર પણ રહમ ફર્માવ. ત્યારે અલ્લાહ ફરમાવશે, ''મારા બન્દાને મારી જન્નતમાં મારી રહમતથી લઈ જાવ.''
*–મલફૂઝાતે આ'લા હઝરત, ભાગ–૨, પેજ નં.૯૭*

હુઝૂર આ'લા હઝરતે વર્ણવેલ વાકેઆથી અન્દાજો કરો કે એક આંખ ચારસો વર્ષની નેકીઓ, ઈબાદતોથી ઊંચી અને ભારી છે તો બન્ને આંખોની કદરો કીમત કેટલી હશે ? ! આપણે કયામત સુધી એક આંખનો હકક અદા કરી શકતા નથી, તો તેની રઝા વિરુદ્ધ અને નાફરમાની માટે આંખોનો ઉપયોગ તો કેટલો મોટો ગુનોહ કહેવાશે. આજના સમયમાં જ્યારે પશ્ચિમી કલ્ચર આપણા સમાજ ઉપર હલ્લો બોલાવી રહેલ છે, ટી. વી., ફિલ્મો

વિગેરે બેપર્દગી બેહયાઈ ફેલાવી રહેલ છે, એવા સમયમાં આંખોની પવિત્રતાની હિફાઝત તે દિલની નૂરાનિયતની હિફાઝત છે. આંખોની રોશનીને અલ્લાહ તઆલાની ફર્માંબરદારી અને તેના પ્યારા હબીબ (સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ)ની ફર્માબરદારી માટે ઈસ્તેમાલ કરવી તેમાં જ આપણી ભલાઈ, કામયાબી અને આખેરતની બેહતરી છે. હુઝૂર મુફતીએ આઝમ રહમતુલ્લાહે અલયહ બારગાહે ખુદાવન્દીમાં ગુઝારીશ કરે છે :–

*કુછ અયસા કર દે મેરે કિરદીગાર આંખોંમેં*
*હમેશા નકશ રહે રૂએ યાર આંખોમેં*

મહોતરમ જનાબ પટેલ શબ્બીરભાઈ રઝવીએ **આંખના** વિષય ઉપર અને તેની અહમિય્યત ઉપર લખેલ કિતાબ જોવામાં નાની છે પણ તેનો બારીકીથી અભ્યાસ કરનાર માટે ઘણી વિશાળતા ધરાવનાર કિતાબ છે. આપની કલમથી સુન્ની મુસ્લિમોને ઘણા અનમોલ હીરા, કિતાબ સ્વરૂપે મળ્યા છે. આ કિતાબ પણ હિદાયતના હીરાજડીત છે. ખુદાએ પાક તેનો નફો અને લાભ અસંખ્ય સુન્ની મુસ્લિમોને અતા કરે, અને લેખક જનાબ શબ્બીરભાઈની કલમને વધુ કુવ્વત અતા કરે અને પોતાની બારગાહમાં મકબૂલિયત અતા કરે. આમીન બિજાહિન્નબી કરીમ, અલૈહિસ્સલાતુ વ તત્તસ્લીમ.

**સૈયદ સલીમ અહમદ કાદરી (જામનગર)**
તા. ૨૪/૧૧/૨૦૦૦





## પ્રસ્તાવના..............

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

**نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡکَرِيۡمِ**

મારા પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! કૌમે મુસ્લિમને ઈસ્લામથી દૂર કરવા માટે તથા ઇસ્લામી અહકામથી સુગ પેદા કરવા માટે આયોજનપૂર્વક કાર્ય દુનિયાની ઈસ્લામ વિરોધી તાકતો વરસોથી કરી રહી છે. જેથી મુસલમાન **અકીદા** તથા **અમલ** બંને રીતે ખાલસા થઈ જાય, વહાબિયત દેવબંદિયતનો ઈતિહાસ વાંચશો તો જણાય આવશે કે એ કયાંથી કેવી રીતે ઉદ્ભવ પામી. કાદયાની કોની પેદાશ છે? સર્વ યૂરોપ–અમેરિકાની પેદાશ છે. તે જ પ્રમાણે મુસલમાનોને અખ્લાકી રીતે તોડી પાડવા માટે ભરપુર કોશિશો ચાલે છે જેથી કરીને મુસલમાન નામનો જ મુસલમાન રહી જાય, એનો કિરદાર સર્વ રીતે ગૈર ઇસ્લામી બની જાય, એની વિચારસરણી ગૈર ઈસ્લામી થઈ જાય,ઈસ્લામી જ્ઞાનથી તથા ઈસ્લામી ઈતિહાસથી દૂર રહે. અને તે ઈસ્લામની વાતોમાં પોતાની અધૂરી અક્કલ લડાવે અને ગુમરાહીનો શિકાર બની જાય. અને એના પ્રચાર માટે માધ્યમોનો ભરપૂર ઉપયોગ થઈ રહ્યો છે. પહેલાં અખ્બારો હતાં, ફિલ્મો થિયેટરોમાં દેખાડાતી હતી તેના થકી ઐયાશીનો પ્રચાર થતો હતો, પણ હવે તો ઘરોને જ થિયેટર બનાવી દેવામાં આવ્યાં છે ! ટી. વી. પર સતત બેહયાઈભર્યા ડ્રામા ચાલુ રહે છે જેનો પાબંદ મુસલમાન થતો જાય છે અને તેને દીનનો ઈલ્મ શીખવાનો તથા તેના પર અમલ કરવાનો ખયાલ પણ નથી આવતો. આજે તે રંગબેરંગી ચટાકેદાર રમતોનાં દ્રશ્યોનો રસીયો બની ગયો છે.

શરીઅતના હુકમ શું છે તે જાણવા જ નથી ચાહતો અને કોઈ જણાવે છે તો અકળામણ અનુભવે છે ! તો શરીઅતની પાબંદી શું કરવાનો ! (ઈલ્લા માશાઅલ્લાહ) એ જ કારણે આજે મુસલમાન કરોડોની સંખ્યામાં વિશ્વભરમાં છે પણ સર્વ ઠેકાણે હડધુત થતો જોઈ રહ્યા છીએ !

હદીષ શરીફમાં છે કે સરવરે દો આલમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફર્માવ્યું કે, ''મારા સહાબાઓ સિતારાની જેમ છે જેની પણ પેરવી કરશો ભલાઈ પામશો.'' પણ આજે આપણે સહાબાના નકશે કદમ પર ચાલવાને બદલે અંગ્રેજના નકશે કદમ પર ચાલી નીકળ્યા છીએ, અને એના કારણે પિટાઈ રહ્યા છીએ. **જે કૌમ પોતાનો ઈતિહાસ ભૂલાવી દે છે તે મુર્દા બની જાય છે.** મુસલમાનો ! તમને તમારા પૂર્વજોનો ઈતિહાસ જો યાદ રહ્યો હોત તો તમારામાં એક ખુમારી હોત, ખુદ્દારી હોત ! કે આપણા પૂર્વજો કેટલા પવિત્ર અને પાકીઝા અને ખૌફે ખુદામાં જીવન ગુજારનાર હતા ! અને એ ખુમારી તમને હલકી કૌમોનાં હલકાં કામો તરફ આકર્ષિત ન કરત. આજે શું હાલત છે ? ! :–

***દિન લહ્વમેં ખોના તુઝે, શબ સુબ્હ તક સોના તુઝે,***
***શર્મે નબી ખૌફે ખુદા યે ભી નહીં વો ભી નહીં !***

***રિઝ્કે ખુદા ખાયા કિયા, ફર્માને હક્ક ટાલા કિયા,***
***શુક્રે કરમ, તરસે સઝા, યે ભી નહીં વો ભી નહીં !***

*(આ'લા હઝરત)*

આવો ! દોસ્તો ! હજી સમય બાકી છે, હજી તૌબાના દરવાજા ખુલ્લા છે, આજથી જ દિલમાં ઈસ્લામની, ઈસ્લામના બુઝુર્ગોની મહોબ્બત જગાડો, તેમનો ઈતિહાસ વાંચો ને સર્વ ખરાબ ચીજો ખરાબ ટેવોને ફંગોટીને અસલ મંઝિલ પર આવી જાવ ! શું તમને





યાદ નથી ? બયતુલ મુકદ્દસ જ્યારે ઈસાઈઓએ હઝરત ઉમર (રદિયલ્લાહુ અન્હૂ)ને સોંપ્યું ત્યારે હઝરત ઉમર (રદિયલ્લાહુ અન્હૂ) તથા સહાબા જ્યારે શહેરમાં દાખલ થયા તો રસ્તાની બંને બાજુએ નવજવાન ખૂબસૂરત સ્ત્રીઓને ઈસાઈઓએ શણગારીને બેસાડી દીધી હતી. પણ ઈતિહાસ સાક્ષી છે કે હઝરત ઉમર તમામ સાથીઓ સાથે નીચી નજરો કરીને આખા માર્ગેથી પસાર થઈ જાય છે અને કોઈ એકે પણ ત્રાંસી નજરે પણ કોઈ સ્ત્રી તરફ નજર નથી કરી ! (સુબ્હાનલ્લાહ) ત્યારે જ તો મુઠ્ઠીભર મુસલમાનો હતા પણ મહાન મહાન સલ્તનતો તેમનાથી કાંપતી હતી અને મહાન મહાન સત્તાઓના પાયા તેમણે ઉખાડી નાખ્યા હતા. સલ્તનત તેમના કદમોમાં આવીને પડતી હતી ! જ્યારે આજે એથી વિપરિત સ્થિતિ છે. અલ્લાહુ અકબર !

હે પ્યારા દીની ભાઈ બહેનો ! સમજો ! ખુદાનો ખૌફ દિલમાં લાવો ! રસૂલે પાક (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની મહોબ્બતને ખાતર સાચા પાકા મુસલમાન બનો, સાફ દિલ મોમિન બનો. આ નાની કિતાબમાં આજકાલ લોકો જેને મામૂલી સમજી આમ તેમ નજરો ઘુમાવીને યા તો ટી. વી. પર પુરૂષો તથા પર સ્ત્રીઓને જેના થકી જોઈને દુનિયા તથા આખેરતની ખુવારી વહોરી રહ્યા છે, તે ''**આંખ**'' કે જે અલ્લાહની અનમોલ નેઅમત છે તેના બાબતે ગંભીર થવા વિગતે ચર્ચા કરી છે તેને હૃદયપૂર્વક, ઈસ્લામની મહોબ્બત સાથે, ખુદા વ રસૂલની મહોબ્બતમાં ડૂબીને વાંચો (જ ''**અલ મુઈન**'' (દા. ઉ. મોઈનુલ ઈસ્લામ–થામ) માસિકમાં હપ્તાવાર રજુ કરી હતી) અને આજથી પાછલા ગુનાહોની તૌબા સાચા દિલથી કરી લો ! મારી બહેનો ! પર્દો અપનાવી લો ! એક આલિમે દીને કેટલી અસકારક વાત એક યહૂદીમાંથી મુસલમાન થનાર ઔરત વિશે કરી છે

